મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૦ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં આવી પહોંચ્યું ગ્રીષ્મ ઋતુનું મધુર રસીલું ફળ લીચી

શહેરના બજારોમાં ૧૨૦ રૂપિયે કિલોના ભાવમાં લીચીનું વેચાણ

ગાંધીનગર, તા. ૮

શહેરમાં બજારોમાં આ ગ્રીષ્મ ઋતુનું મધુર રસીલું ફળ લીચીનું આગમન થઈ ચૂક્યું છે જે ૧૨૦ રૂપિયે કિલોના ભાવમાં તેનું વેચાણ થઈ રહ્યું છે. ગરમીની ઋતુમાં ઉત્તર બિહારમાં લાલઘૂમ ફળોથી લદાયેલા લીચીના ઝાડ નજરે ચડે છે. બિહાર ઉપરાંત આસામ અને નીલગિરીના પહાડો પર લીચીની ખેતી કરવામાં આવે છે. લીચી સેપિન્ડેસિયા વનસ્પતિના કુળની માનવામાં આવે છે. લીચી સ્વાદિષ્ટ અને રસદાર ફળ છે. દર વર્ષે ફેબ્રુઆરી મહિનામાં લીચીના વૃક્ષ પર માજંર આવે છે. માંજરના ગુચ્છામાં લગભગ ૧૦૦૦ ફૂલ હોય છે પરંતુ તેમાંથી માત્ર ૨૦ ફળ જ પાકીને તૈયાર થાય છે. લીચીનું ફળ દેખાવમાં સુંદર હોય છે. તેની અંદર એક મોટું બી હોય છે. કાચા ફળનો રંગ લીલો હોય છે. ધીરે ધીરે આ ફળ ગુલાબી રંગમાં ફેરવાઈ જાય છે. સંપૂર્ણ રીતે પાકયા પછી તેનો રંગ ઘેરો લાલ થઈ જાય છે. ફળનું કોચલું કાઢ્યા પછી સફેદ રંગનો પદાર્થ મળે છે જે મીઠો અને રસદાર હોય છે. શાહી ચાઈના, પૂરબી, બેદાના, કસબા, રેડ મુંબઈ જેવી તેની વિવિધ જાતોમાં આ ફળ ઉપલબ્ધ છે. લીચીની માંગ દેશભરમાં છે. તે ગરમીની મોસમનું ફળ હોવાથી શહેરીજનોને વિશેષ પસંદ આવે છે. લીચીમાંથી બનેલા ફળમાંથી શરબત, જામ, સ્કવોરા, મુરબ્બા જેવી વસ્તુઓનું પણ આગવું

બજાર છે. આયુર્વેદમાં લીચીનું શીતળ, મધુર, રક્તશોધક, શક્તિવર્ધક, કબજિયાત મટાડનાર તરીકે વર્ણન કરવામાં આવ્યું છે. ઉપરાંત આ ફળ અનેક વિટામીનોથી ભરપૂર છે. તે પચવામાં ભારે હોવા છતાં રક્તને શુધ્ધ કરે છે અને રક્તનું પ્રમાણ વધારે છે. લીચીમાં પાણીનું પ્રમાણ વધારે પ્રમાણમાં હોય છે તેમાં વિટામિન સી, પોટેશિયમ અને સુગર પણ હોય છે. લીચી ખાવાથી શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે છે અને શરીરમાં ઠંડક મળે છે. લીચી એક સારૂ એન્ટી ઓકિસડન્ટ પણ છે. તેમાં રહેલું વિટામીન સી આપણા શરીરમાં આયર્ન એબ્ઝોર્બ કરવામાં મદદ કરે છે જેનાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. લીચીને જામ, જેલી, સેલડ અને અન્ય અનેક ડિશમાં ગાર્નિશિંગ માટે ઉપયોગમાં લઈ શકાય છે. લીચી એનર્જીનો સ્રોત છે થાક અને કમજોરી લાગતી હોય તેવા લોકો માટે લીચી ઘણી ફાયદાકારક છે.

આરએસએસ દ્વારા ધો-૫ થી ૯ના વિદ્યાર્થીઓ માટે શિબિરનું આયોજન

મોબાઈલમાંથી મેદાન તરફ બાળકોના સર્વાંગી વિકાસ માટે શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૮

આરએસએસ દ્વારા ધોરણ પથી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એક દિવસના શિક્ષા વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. બાળકોના શ્રેષ્ઠ ઘડતર માટે આરએસએસના એક દિવસીય શિબિરમાં આપના બાળકોને મોકલી ઉચ્ચતર સંસ્કારનું ઘડતર ઘડવામાં અગ્રેસર રહે અને મોબાઈલમાંથી મેદાન તરફ બાળકોના સર્વાંગી વિકાસ તરફ આગેકૂચ કરવા માટે આ શિબિરનો લાભ લેવા જણાવ્યું હતું. ૧૫મેને રવિવારે સવારે ૭.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી વિદ્યાભારતી અધ્યયન અને પ્રશિક્ષણ કેન્દ્ર, સેકટર-૨૨, શોપીંગ સેન્ટરની પાસે, ગાંધીનગર ખાતે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટી શર્ટ, ચડ્ડી, ટ્રેક પેન્ટ, બુટ-મોજા પહેરવેશ રહેશે અને સાથે થાળી, વાટકી, ગ્લાસ, ચમચી, નોટ-પેન, પાણીની બોટલ સાથે લાવવાની રહેશે તથા કિંમતી સામાન કે મોબાઈલ સાથે લાવવો નહિ. એકપાત્રીય અભિનય, દેશભકિત ગીત, વાર્તા વગેરે તૈયાર કરીને આવવું તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

સે-૨૩ સ્વામિનારાયણ મંદિરનો ૪૪ મો વાર્ષિક પાટોત્સવ પ્રસંગ તથા યુવા વ્યક્તિત્વ વિકાસ સમર ક્રિકેટ મેચ

ગાંધીનગર, તા.૮

સે-૨૩, સ્વામિનારાયણ મંદિરના ૪૪મા પાટોત્સવ પ્રસંગે સત્સંગ, સંસ્કાર, સમાજસેવા, નિયમિતતા તથા શ્રી હનુમાનજીની વિશેષ શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર એવા આ મંદિરના ૪૪મ પાટોત્સવ પ્રસંગે મહાપૂજા યજ્ઞ, મહાભિષેક, સમુહ આરતી, અન્નકૂટ દર્શન, પૂ.શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીના આશીર્વાદનો હજારો ભક્તોએ લાભ લીધો હતો તથા આ સાથે યુવાનોના વ્યક્તિત્વ વિકાસની પ્રવૃતિના ભાગરૂપે સમર ક્રિકેટ મેચનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા યુવાનોએ ભાગ લીધો હતો.

રમતગમતની સાથે સંસ્કાર તથા સત્સંગનું જીવનમાં મહત્વ પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રિયદાસજી એ યુવાનોને સમજાવ્યું હતું.

આન ગુજરાત દ્વારા ૧૦૦૦ જેટલા જરૂરિયાતમંદ વ્યક્તિને ચંપલની સહાય

આન ગુજરાત એ ગુજરાતમાં રહેલા નવોદય વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન છે જે સતત સામાજિક પ્રવૃત્તિ કરતું રહે છે .૧ મે ના રોજ આન ગુજરાત ને છ વર્ષ પૂર્ણ થવાના અવસર પર આન ગુજરાત દ્વારા ગાંધીનગરથી આંચલ યોજના નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યોજના અંતર્ગત ગુજરાતના વિવિધ વિસ્તારમાં ભિક્ષુક ગરીબ વર્ગને ચંપલ આપીને ગરમીમાં રાહત મળી રહે તેવા પ્રયાસ કરશે તથા ફરજ બજાવતા પોલિસ કર્મી રાહદારીઓ ને એનર્જી ડ્રીંક અપાશે

આ પ્રસંગે ગાંધીનગર મેયર હિતેષભાઈ મકવાણા તથા ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ હાજર રહ્યા હતા. આન ગુજરાત દ્વારા ૧૦૦૦ જેટલા જરૂરિયાતમંદ વ્યક્તિને ચંપલની સહાય કરવામાં આવી હતી તથા ૪૦૦૦ લોકો ને એનર્જી ડ્રીંક આપવામાં આવ્યું હતું.

મધર્સ ડે ની ઉજવણી દરેક લોકો પોતાના માતાની સાથે ઉજવતા હોય છે. ગુરૂકૃપા ફાઉન્ડેશનના ગૌરાંગભાઈ ફેમિલી સાથે સાસણગીર ફરવા ગયા હતાં. તેમણે કે ગાય માતા સાથે ઉજવણી કરવાનું નક્કી કર્યું હતું. ગીરથી ૩૦ કીમી. દુર માળીયા હાટીના પાંજરાપોળમાં જઈ ગાયમાતાને લાપસી ઘાસનું નિરણ કર્યું હતું.

સે-૨૧ જીમખાનાનું ગૌરવ

ગાંધીનગર, તા.૮

ગુજરાત રાજય સ્થાપના દિવસ નિમિત્તે મહેસાણા જિલ્લા કલેકટર કચેરી દ્વારા આયોજિત ઓપન વોટર સ્વિમિંગ ૨૦૨૨, વડનગર ખાતે યોજાઈ હતી. જેમાં સે-૨૧ના જીમખાનાના સ્વિમિંગ પુલના સ્વિમરોએ ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આનંદ ગુપ્તા ૨૦૦૦ મીટરમાં દ્વિતિય આવ્યા અને ૮૦૦ મીટરમાં પ્રથમ આવ્યા હતા. સુમિત ચૌધરી ૮૦૦ મીટરમાં ચોથા સ્થાને આવ્યા હતા. સ્વિમિંગ કોચ મનીષા ત્રિપાઠી, તૌફીક મેમોન, દીપક લાલમોહન પ્રધાન, નિષિત રાવલ, હેડ કોચ રામભાઉ પરમારે મેડલ પ્રાપ્ત કર્યા હતા.

વડનગરના શર્મિષ્ઠા તળાવમાં સ્વિમિંગ સ્પર્ધામાં સફળતા મેળવી તે બદલ જીમખાનાના મેનેજર જીતુભાઈ અને કોચ કેજી ભગતે સૌને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

અબોલ પશુ-પક્ષીઓની સેવા માટે દિવસ-રાત એક કરી દેતી મહિલા

ગાંધીનગરના કુડાસણમાં રહેતા નિલમબેનની પોતાના સ્વાસ્થ્ય અને અંગત જીંદગીને કોરાણે મુકીને અબોલ પશુ-પક્ષીઓની પ્રસંશનીય સેવા : સેવા કાર્યોના પગલે પડોશીઓની નારાજગી સાથે આર્થિક પડકારોનો પણ તેમને સામનો કરવો પડી રહ્યો છે

ગાંધીનગર, તા.૮

'તુલસી ઈસ સંસારમેં ભાત ભાત કે લોગ' આ ઉક્તિ સાંપ્રત સમયમાં ખૂબ જ પ્રસ્તુત છે. એક તરફ જ્યાં સમાજમાં એક પરિવારના સભ્યો મિલકતની વહેંચણી કે અન્ય નજીવા કારણોસર અંદરોઅંદર બાખડતાં અને અદાલતના દરવાજા ખખડાવતાં જોવા મળે છે ત્યાં બીજી તરફ સમાજમાં

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

અઢળક એના સેવાકર્મીઓ પણ છે જેમના માટે કોઈ લેવાદેવા વગરના જરૂરિયાતમંદ ગરીબો કે અબોલ પશુ-પક્ષીઓ જ જાણે તેમનો પરિવાર છે અને તેમની સેવા માટે તેઓ પોતાના સ્વાસ્થ્ય કે પોતાની અંગત જીંદગીને પણ કોરાણે મુકી દેતાં અચકાતાં નથી. ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સહજાનંદ પાર્ક નામની સોસાયટીમાં રહેતા નિલમબેન વાઘવાણી નામાના એક મહિલા માટે તેના સ્વર્ગસ્થ માતા-પિતા પાસેથી વારસામાં મળેલા સેવાના ગુણો થકી દિવસ-રાત અબોલ પશુપક્ષીઓની નિઃસ્વાર્થ સેવા જ જાણે એક માત્ર જીવન કાર્ય બની રહ્યું છે અને તેના માટે તેઓ અપરિણીત રહેવા સાથે અથાગ પરિશ્રમ કરી રહ્યાં છે અને તે સાથે સાથે પોતાના પડોશીઓની નારાજગીનો પણ તેમને સામનો કરવો પડી રહ્યો છે.

અમદાવાદના વાડજ વિસ્તારમાં રહેતાં મિલ કામદાર રમેશભાઈ વાઘવાણી અને તેમના પત્નિ સંતોષબેનના બે સંતાનો અનિલ અને નિલમ



સાથેનો પરિવાર મિલ બંધ થઈ જતાં વર્ષો પહેલાં ગાંધીનગરના સેકટર-૨૭માં આવીને વસ્યો હતો. સ્વભાવે પરગજુ આ દપંતિ તેમની આસપાસના વિસ્તારના ગરીબોની નિયમિત સેવા કરતા જે ગુણો તેમના સંતાનોમાં પણ ઉતર્યા હતા. એ અરસામાં જયારે શહેરમાં અંબાજીના પદયાત્રીકો માટે સેવા કેમ્પોનું ચલણ શરૂ નહોતું થયુ ત્યારે પદયાત્રીકો તેમના ઘરે વિસામો કરતાં હતા અને તેમના માટે સંતોષબેન શાક-રોટલી અને ચા બનાવતાં તેમજ આંગણામાં પદયાત્રીકોને આરામ કરવા ખાટલાંની પણ વ્યવસ્થા કરવામાં આવતી હતી. આ પછી પરિવાર સેક્ટર-૧૩માં સ્થળાંતરિત થયો પરંતુ તેમની વિવિધ સેવા પ્રવૃતિઓ ચાલુ જ રહી હતી. આ દરમ્યાન નિલમબેનને એક કબૂતરના બચ્ચાંનું રેસ્કયુ કર્યું હતું જેને તેની અકારણ જ ડોક મરડાઈ જવાની કોઈ વિચિત્ર બિમારી થઈ હતી. આ બચ્ચાંની સારવાર અર્થે તેઓ છેક આણંદ સુધી દોડી ગયાં હતા જયાં તેમના કહેવાનુસાર જાણીતા ડો.કેલાવાલાએ બચ્ચાંને સારવાર આપી હતી પરંતુ તેમ છતાં તેને બચાવી શકાયું નહોતું. આ બિમારી અંગે માહિતી પ્રાપ્ત કરતાં નિલમબેનને જાણવા મળ્યું હતું કે તે માત્ર કબૂતરથી કબૂતરમાં પાણીના માધ્યમથી પ્રસરતી 'રેમીખીપ મર્ક' નામની બિમારી છે જેની સારવાર અંગે કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ નથી કેમકે તે અંગે વધુ સંશોધન થયું નથી તેવું નિલમબેનનું માનવું છે. જોકે આ ઘટના પછી પક્ષીઓ માટે સેવા તરફ સમગ્ર પરિવારનો ઝોક વધી ગયો હતો.

સમયાંતરે આ પરિવાર કુડાસણની સહજાનંદ પાર્ક સોસાયટી ખાતે રહેવા આવ્યો હતો અને તે સમયે આસપાસમાં ખુલ્લાં ખેતરો વધુ હતા જયાં અસંખ્ય મોર સહિત અનેક પ્રકારના પક્ષીઓનો વસવાટ હતો જેને તેમણે નિયમિત ચણ નાંખવા સાથે આ પક્ષીઓનો ખેતરમાં રખડતાં કૂતરાં શિકાર ના બનાવે તે હેતુથી કુતરાંઓને પણ બિસ્કિટ-રોટલીઓ સહિત વિવિધ ખોરાક નાંખવાનું શરૂ કર્યું હતુ. ધીમે ધીમે આ સેવાના વ્યાપમાં રખડતી ગાયો અને વાંદરાના ઝુંડ પણ ઉમેરાયાં હતા. આ સમયે નિલમબેનના ભાઈ અનિલભાઈ ચાર્ટડ એકઉન્ટન્ટના વ્યવસાયમાં સેટ થઈ ગયાં હતાં જેમની આવકનો સ્ત્રોત નિલમબેનને સેવા કાર્યો માટે આર્થિક પીઠબળ બની રહેતો હતો. વર્ષ ૨૦૧૭માં તેમના પિતા રમેશભાઈનું હાર્ટ એટેકથી અવસાન થયું અને ત્યારબાદ તેમની માતા સંતોષબેનની તબિયત પણ કથળવા લાગી હતી. સંતોષબેનને કિડનીની બિમારી હતી જેમાં એક કિડની તો સાવ નકામી થઈ ચુકી હતી છતાં તેઓ પોતાની દિકરીને અબોલ પશુપક્ષીઓ માટે ભોજન તૈયાર કરવામાં મદદરૂપ થતાં હતાં. એકવાર તો સંતોષબેનની તબિયત લથડતાં તેમને ઉભા કરવા જતા નિલમબેનની કમરમાં એવી ચસક આવી ગઈ હતી કે ત્યારથી અત્યાર સુધી તેમની કમરમાં કાયમી દુઃખાવાની સમસ્યા ઉભી થઈ ગઈ છે. ગત વર્ષે કોરોના મહામારી દરમ્યા સંતોષબેન પણ કિડનીની લાંબી બિમારી બાદ અવસાન પામ્યાં પછી ઘરની જવાબદારી સાથે સેવાકાર્યોની જવાબદારી નિલમબેન પર આવી પડી છે કેમકે તેમના ભાઈ અનિલભાઈ માતાના અવસાન બાદ લાગેલા આઘાતથી હજુ પણ વ્યથિત રહે છે જેના કારણે તેમના વ્યવસાયને પણ અસર પડી છે.

આજે નિલમબેનની દિનચર્યા જુઓ તો તેઓ સવારે ૧૧ કલાકે ઉઠી શકે છે કેમકે તેઓ મોડી રાત્રીના લગભગ ત્રણેક વાગ્યા સુધી તેમના સમગ્ર કુડાસણ વિસ્તારના કૂતરાંઓને ખોરાક પહોંચાડવામાં વ્યસ્ત હોય છે. તેઓ રાત્રે ચારેક વાગે સુએ છે અને સવારે ઉઠ્યાં પછી તેમની રસોઈ વગેરે પતાવ્યા બાદ મોર-કબૂતર વગેરે માટે ચણ તૈયાર કરવાનું, ગાય-કૂતરાં-વાંદરા વગેરે માટે દરરોજ ૫૦ જેટલી રોટલીઓ બનાવવી, દૂધના પાવડરથી દૂધ બનાવીને તેની બોટલો ભરવી, રોજની પાંચ લીટર જેટલી ખીર બનાવવી અને તેટલી લાપશી રાંધવાની વગેરેમાં જ સાંજ સુધી વ્યસ્ત રહે છે. આ પછી સાંજે પહેલાં મોરને ચણ નાંખવા જાય અને પછી આસપાસના વિસ્તારમાં ફરીને મોડી સાંજે શાકભાજીવાળા પાસેથી વધેલું શાક-ફુટ વગેરે અને સેન્ડવીચની લારીઓવાળા પાસેથી બ્રેડની કતરણ વગેરે ઉઘરાવી લાવે અને ત્યારબાદ વાંદરા-કૂતરાંને ખવડાવવા જાય છે. આ સાથે તેમને ઘરે અનેક દાતાઓ જુના કપડાં કે અન્ય ચીજવસ્તુઓ આપી જાય તેનું પણ સમયાંતરે શ્રમિક પરિવારોમાં દાન આપે છે અને શાળાઓને ખુલવાના સમયગાળામાં દાન ઉઘરાવીને જરૂરીયાતમદં બાળકોને શૈક્ષણિક સામગ્રી પુરી પાડવામાં મદદ જેવી સેવા પણ કરે છે. અત્યારે તેમને સૌ વધુ તકલીફ નાણાકીય વ્યવસ્થાની પડી રહી છે પરંતુ તેમની સેવા સાચે જ માં અત્યંત પ્રસંશનીય છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

જન્મદિને વધામણી

વૈદેહી રીકીન સોની

ધાનવી
જગદીશભાઈ પ્રજાપતિ
મો. ૯૯૨૫૩ ૮૧૬૧૭

અંશ અમિતભાઈ પ્રજાપતિ
મો. ૯૯૯૮૭ ૭૫૭૭૩

પ્રિયાંક પટેલ
મો. ૮૨૦૦૨ ૧૫૨૪૪

પોલીસ અધિક્ષકની કચેરી ખાતે મધર્સ ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૮

પોલીસ અધિક્ષકની કચેરી ગાંધીનગર ખાતે મધર્સ ડે નિમીતે મહીલા પોલીસ અધિકારી તથા કર્મચારીઓ માટે મેન્ટલ હેલ્થ તેમજ ફીઝીકલ હેલ્થ પર એક

સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના નામાંકીત આર્યુવદીક ડોકટર ઉર્વીબેન પંડયાએ ઉપસ્થિત રહી માહીતીસભર વકતવ્ય આપ્યું હતું તથા મહીલાઓને ખાસ કરીને નોકરી કરતી મહીલાઓને કામના કલાકો સાથે આરોગ્ય સાચવવા કેવા પગલા લેવા તેની માહીતી આપી હતી. જીવનઆસ્થાના કાઉન્સીલર નેહાબેન પંડયા દ્વારા માનસિક આરોગ્યની સંભાળ કઈ રીતે લેવી તેની સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન તથા સંચાલન જીવનઆસ્થાના લાયઝન ઓફિસર પ્રવિણ વાલેરા દ્વારા કરવામાં આવ્યું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ચાવડા ઈશ્વરજી લક્ષ્મણજી,** ઉ.વ. ૫૨, કોલવડા
- **સ્વ. ઠાકોર રાજેશભાઈ રમેશભાઈ,** ઉ.વ. ૫૫, ડભોડા
- **સ્વ. કેવલાણી તીર્થદેવી કિશનલાલ,** ઉ.વ. ૭૯, સેકટર-૨૭
- **સ્વ. સોની પોપટલાલ સાકરજન,** ઉ.વ. ૭૯, સેકટર-૨૩
- **સ્વ. ભરવાડ વિરાબેન નારણભાઈ,** ઉ.વ. ૮૦, સેકટર-૧૪, ગોકુલપુરા